દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬

# નેતન્યાહુ જીતે કે હારે, ઈઝરાયલમાં ભારતે સત્તા પર બેસનાર સાથે સંકલન રાખવું પડશે

પશ્ચિમ એશિયાના અત્યંત વણસેલા ભૌગોલિક-રાજકીય વાતાવરણ વચ્ચે સમગ્ર વિશ્વની નજર ફરી એકવાર જેરૂસલેમ અને તેલ અવીવ તરફ મંડાયેલી છે. બેન્જામિન નેતન્યાહુ પોતાના રાજકીય અસ્તિત્વની સૌથી અઘરી લડાઇ લડી રહ્યા છે. ઇઝરાયલની આ ચૂંટણી માત્ર એક આંતરિક સત્તાપરિવર્તન નથી, પરંતુ ભારતના સંરક્ષણ, આર્થિક અને મુત્સદ્દીગીરીના હિતો સાથે જોડાયેલી નિર્ણાયક ઘટના છે.

ઇઝરાયલની સંસદીય પ્રણાલી વિશ્વની સૌથી જટિલ લોકશાહી વ્યવસ્થાઓમાંની એક છે. ૧૨૦ બેઠકો ધરાવતી 'કનેસેટ' માં સરકાર રચવા માટે ૬૧ બેઠકોની બહુમતી અનિવાર્ય છે. સમગ્ર દેશ એક જ મતવિસ્તાર તરીકે મતદાન કરે છે અને ૩.૨૫ ટકા મતોનો થ્રેશોલ્ડ પાર કરનાર કોઈપણ પક્ષને પ્રમાણસર પ્રતિનિધિત્વ મળે છે. આ વ્યવસ્થાના કારણે ઇઝરાયલના ઇતિહાસમાં ક્યારેય કોઈ એક પક્ષને સંપૂર્ણ બહુમતી મળી નથી; પરિણામે સરકાર હંમેશા ગઠબંધન આધારિત જ રહે છે.

જો એક્ઝિટ પોલ અને શરૂઆતી આંકડાઓને અવગણીને અંતિમ ગણતરીમાં નેતન્યાહુનો બ્લોક ૬૧ કે તેથી વધુ બેઠકો મેળવી લે, તો તેઓ ૭મી વખત વડાપ્રધાન બનીને નવો ઇતિહાસ રચી શકે છે. નેતન્યાહુનું પુનરાગમન ભારત માટે રાજદ્વારી અને સંરક્ષણ દ્રષ્ટિએ અત્યંત સુગમ અને લાભદાયી સાબિત થઈ શકે છે. નેતન્યાહુના નેતૃત્વ હેઠળ ભારતને અત્યાધુનિક સંરક્ષણ સાધનો કોઈપણ પ્રકારની રાજકીય કે માનવાધિકાર સંબંધિત શરતો વિના મળતા રહ્યા છે:

નેતન્યાહુ સરકાર આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ ધરાવે છે. સંયુક્ત રાષ્ટ્ર કે અન્ય વૈશ્વિક મંચો પર પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ કે જમ્મુ-કાશ્મીરના મુદ્દે ઇઝરાયલ હંમેશા ભારતની પડખે અડીખમ ઊભું રહ્યું છે. નેતન્યાહુની વાપસીથી આ વૈશ્વિક રાજદ્વારી કવચ યથાવત રહેશે. નેતન્યાહુ અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટ સાથે મળીને અબ્રાહમ કરારનું વિસ્તરણ કરવા ઉત્સુક છે, જેનાથી ભારતને ખાડી દેશો અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે સીધો વેપાર માર્ગ ઉપલબ્ધ થઈ શકે છે. જો મતદારો પરિવર્તનનો પક્ષ લે અને નેતન્યાહુ સત્તા ગુમાવે, તો ભારત માટે તાત્કાલિક કોઈ મોટું રાજદ્વારી સંકટ નહીં સર્જાય, પરંતુ વ્યુહાત્મક સ્તરે કેટલીક ગંભીર અડચણો જરૂર ઊભી થઈ શકે છે: જેમાં આંતરરાષ્ટ્રીય સંબંધોમાં ટોચના નેતાઓ વચ્ચેનું અંગત રસાયણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. મોદી-નેતન્યાહુ વચ્ચે સીધો સંવાદ હોવાથી સંકટ સમયે કે મહત્વના સોદાઓમાં અમલદારશાહીની લાલફીતાશાહી નડતી નથી. નવા વડાપ્રધાન (જેમ કે ગાદી આઈઝનકોટ કે યૈર લાપિડ) સાથે આ પ્રકારનો વિશ્વાસ અને તાલમેલ ફરીથી સ્થાપિત કરવામાં નવી દિલ્હીને ખાસ્સો સમય લાગી શકે છે. નેતન્યાહુ વિનાનું કોઈપણ વિપક્ષી ગઠબંધન વૈચારિક રીતે અત્યંત વિરોધાભાસી પક્ષોનું બનેલું હશે, જેમાં ડાબેરીઓ, સેન્ટ્રિસ્ટ અને કદાચ આરબ સાંસદોનો ટેકો સામેલ હશે. આવી નબળી ગઠબંધન સરકાર પોતાના અસ્તિત્વની લડાઈમાં જ અટવાયેલી રહેશે. પરિણામે, ભારત સાથેના લાંબા ગાળાના સંરક્ષણ કરારો, જી-ટુ-જી (સરકારથી સરકાર) સોદાઓ અને વ્યૂહાત્મક નિર્ણયો લેવામાં અનિર્ણાયકતા અને વિલંબ થઈ શકે છે.

જો ઇઝરાયલમાં મધ્યમમાર્ગી કે ડાબેરી ઝોક ધરાવતી સરકાર બને, તો તેઓ અમેરિકાના ડેમોક્રેટિક જૂથો કે યુરોપિયન યુનિયનની માનવાધિકાર નીતિઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બની શકે છે. આના કારણે ભારત જેવા દેશો સાથેના અત્યંત સંવેદનશીલ સર્વેલન્સ અને સાયબર ટેક્નોલોજીના સોદાઓ વધુ કડક નિયમો અને આંતરિક સમીક્ષાઓ હેઠળ આવી શકે છે. જો નવી સરકાર આરબ દેશો સાથેના સંબંધોને નવેસરથી વ્યાખ્યાયિત કરવામાં અસમર્થ રહે અથવા દેશમાં વારંવાર ચૂંટણીઓ યોજાય (જેમ કે ૨૦૧૯થી ૨૦૨૨ વચ્ચે પાંચ વખત બની ચૂક્યું છે), તો ભારત-ઇઝરાયલ મુક્ત વેપાર કરાર અને આર્થિક કોરિડોરના કામો અભેરાઈએ ચડી શકે છે.

નેતન્યાહુનો વિજય ભારત માટે સંરક્ષણ ક્ષેત્રે લાભદાયી હોવા છતાં, તે એક અત્યંત જોખમી પાસું પણ ધરાવે છે. નેતન્યાહુ પોતાના આક્રમક વલણ માટે જાણીતા છે. જો તેઓ અમેરિકાના સમર્થન સાથે ઈરાનના પરમાણુ મથકો (જેમ કે નતાન્ઝ કે ફોર્ડો) પર સીધા હુમલા કરશે, તો સમગ્ર પશ્ચિમ એશિયા ભડકે બળી શકે છે. આ સંઘર્ષની સીધી આર્થિક કિંમત ભારતે ચૂકવવી પડશે: જો ઈરાન આ મહત્વનો દરિયાઈ માર્ગ બંધ કરે, તો ભારતની ક્રૂડ ઓઈલ સપ્લાય ખોરવાઈ શકે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર જતાં ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચશે, ચાલુ ખાતાની ખાધ વધશે અને સ્થાનિક અર્થતંત્ર પર મોંઘવારીનો બોજ વધશે. પશ્ચિમ એશિયામાં લગભગ ૯૦ લાખ ભારતીય નાગરિકો વસે છે, જેમના જીવન અને રોજગાર પર યુદ્ધની કાળી છાયા પડી શકે છે.

નેતન્યાહુનો વિજય ભારત માટે વ્યૂહાત્મક સ્થિરતા, સૈન્ય હથિયારોનો અવિરત પ્રવાહ અને રાજદ્વારી મજબૂતીની ખાતરી આપે છે, જ્યારે તેમનો પરાજય તેલ અવીવમાં નીતિગત ધીમાશ અને અનિશ્ચિતતા લાવી શકે છે. જોકે, છેલ્લા ત્રણ દાયકામાં ભારત-ઇઝરાયલ ભાગીદારી એટલી પરિપક્વ અને સંસ્થાકીય બની ચૂકી છે કે તે માત્ર વ્યક્તિગત સંબંધો પર નિર્ભર નથી. અટલ બિહારી વાજપેયીથી લઈને ડો. મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદી સુધી–અને સામે પક્ષે એરિયલ શેરોન, એહુદ ઓલ્મર્ટ કે યૈર લાપિડ સુધી–બંને દેશોના હિતો હંમેશા સમાન રહ્યા છે. ભારત માટે સૌથી શ્રેષ્ઠ માર્ગ એ જ રહેશે કે તે તેલ અવીવમાં સત્તા પર આવનાર કોઈપણ પક્ષ સાથે પોતાના સુરક્ષા અને આર્થિક હિતો અકબંધ રાખે, સાથે સાથે ઈરાન અને ખાડી દેશો સાથેના સંબંધોનું સંતુલન જાળવી રાખીને ઊર્જા સુરક્ષાને કોઈ આંચ ન આવે તે રીતે પોતાની મુત્સદ્દીગીરી આગળ ધપાવે તે જરૂરી છે.

# ડ્રેગનની આર્થિક તાકાત કેમ નબળી પડી રહી છે?

ચીનને વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. ઈલેક્ટ્રિક વાહનો, બેટરી, AI અને અદ્યતન ટેક્નોલોજીના ક્ષેત્રમાં ચીને નોંધપાત્ર પ્રગતિ કરી છે. છતાં, હવે તેના શેરબજારમાં તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. સવાલ એ છે કે વિશ્વને પોતાની ઔદ્યોગિક અને ટેક્નોલોજીની તાકાતથી પ્રભાવિત કરનાર ચીનની અર્થવ્યવસ્થામાં એવી કઈ નબળાઈઓ છે, જે રોકાણકારોને ચિંતિત કરી રહી છે?

ચીનનો મુખ્ય શેરબજાર સૂચકાંક CSI 300 જૂન મહિનાની ટોચથી લગભગ 20 ટકા નીચે આવી ગયો છે. શેરબજારમાં ટોચથી 20 ટકા કે તેથી વધુનો ઘટાડો સામાન્ય રીતે મંદીના બજારનો સંકેત ગણાય છે. જોકે, તેનો અર્થ એવો નથી કે ચીનની સમગ્ર અર્થવ્યવસ્થા 20 ટકા સંકોચાઈ ગઈ છે. શેરબજારની સ્થિતિ અને દેશના વાસ્તવિક આર્થિક વિકાસ વચ્ચે તફાવત હોય છે.

ચીનના શેરબજારની નબળાઈ પાછળ ત્રણ મુખ્ય કારણો છે.

1. AI નો ઉત્સાહ ઘટ્યો: અપેક્ષાઓ મોટી, નફાની અનિશ્ચિતતા

છેલ્લાં કેટલાંક વર્ષોમાં AI વિશ્વભરના રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ચીન પણ આ ક્ષેત્રમાં અમેરિકાને ટક્કર આપવા માગે છે. ચીની ટેક્નોલોજી કંપનીઓની પ્રગતિ અને સરકારી ટેકાને કારણે રોકાણકારોએ આ કંપનીઓના શેરમાં મોટી રકમ રોકી હતી. પરંતુ શેરબજારમાં કંપનીની સંભાવના અને તેના શેરની વાસ્તવિક કિંમત વચ્ચે મોટો તફાવત હોઈ શકે છે. કોઈ કંપની ભવિષ્યમાં મોટી સફળતા મેળવશે એવી આશાએ તેના શેરના ભાવ ખૂબ ઊંચા પહોંચી જાય, પરંતુ તેની આવક અને નફો અપેક્ષા મુજબ ન વધે, તો રોકાણકારો શેર વેચવા લાગે છે. હાલમાં ચીની એઆઈ કંપનીઓના મૂલ્યાંકન અને તેમના રોકાણ સામે મળનારા વળતર અંગે સાવચેતી વધી છે. આ સ્થિતિનો અર્થ એવો નથી કે એઆઈનું ભવિષ્ય નબળું છે. પરંતુ ટેક્નોલોજીના ક્ષેત્રમાં પ્રગતિ થાય એટલે દરેક કંપનીના શેરના ભાવ સતત વધશે, એવી ખાતરી નથી.

2. ચીનના લોકો ખર્ચ કરવામાં સંકોચ અનુભવે છે ચીનની બીજી મોટી સમસ્યા ઘરેલું વપરાશની નબળાઈ છે. કોઈ પણ અર્થવ્યવસ્થામાં ઉત્પાદન અને નિકાસ જેટલાં જ મહત્ત્વનાં સામાન્ય લોકોનો ખર્ચ અને ગ્રાહકોનો વિશ્વાસ પણ છે. જો લોકો ખરીદી ઓછી કરે, તો કંપનીઓનું વેચાણ વધારવું મુશ્કેલ બને છે. તેની અસર કંપનીઓના નફા પર પડે છે અને શેરબજારમાં રોકાણકારોનો ઉત્સાહ ઘટે છે. ચીનનો ત્રીજા ત્રિમાસિક ગાળાનો આર્થિક વિકાસ અપેક્ષા કરતાં સારો રહ્યો હતો. દેશ પોતાના વાર્ષિક વિકાસલક્ષ્યને હાંસલ કરવાના માર્ગ પર હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, રોકાણકારોની ચિંતા દૂર થઈ નથી. કારણ કે જીડીપી વધે એટલે દરેક નાગરિકની આર્થિક સ્થિતિ સુધરે જ એવું નથી. ઉત્પાદન અને નિકાસ વધે, છતાં જો લોકો ખરીદી કરવામાં સંકોચ અનુભવે, તો અર્થતંત્રમાં વ્યાપક તેજી આવવી મુશ્કેલ બને છે. ચીન માટે હવે ગ્રાહકોનો વિશ્વાસ વધારવો, ઘરેલું માંગ મજબૂત કરવી અને કંપનીઓના વેચાણમાં ટકાઉ વૃદ્ધિ લાવવી જરૂરી છે.

3. સરકારી રાહતથી બજારને કેટલો ટેકો મળશે? ચીનની સરકારે ભૂતકાળમાં અર્થતંત્રને વેગ આપવા અને શેરબજારને ટેકો આપવા વિવિધ પગલાં લીધાં છે. સરકાર વધુ પ્રોત્સાહન આપશે એવી અપેક્ષાએ પણ રોકાણકારો ચીની શેરોમાં રસ લેતા રહ્યા છે. પરંતુ હવે સરકાર તરફથી નવા અને મોટા રાહત પેકેજની સંભાવના અંગે અનિશ્ચિતતા છે.

ભારત માટે તક કે જોખમ?

ચીનના શેરબજારમાં ઘટાડો ભારત માટે તક અને જોખમ બંને ઊભાં કરી શકે છે. જો આંતરરાષ્ટ્રીય રોકાણકારો ચીનમાં રોકાણ ઘટાડે, તો તેઓ ભારત સહિત અન્ય બજારો તરફ વળી શકે છે. ભારતનું વિશાળ ઘરેલું બજાર, વધતી વપરાશની જરૂરિયાત અને આર્થિક વિકાસની સંભાવનાઓ તેને આકર્ષક બનાવી શકે છે. પરંતુ ચીનમાંથી નીકળતી મૂડી આપમેળે ભારતમાં આવશે એવું માનવું ખોટું છે. રોકાણકારો કંપનીઓનું મૂલ્યાંકન, નીતિગત સ્થિરતા, ચલણનું જોખમ અને ભવિષ્યની કમાણી જેવી બાબતોને ધ્યાનમાં રાખે છે.

બીજી તરફ, ચીનની આર્થિક નબળાઈ વૈશ્વિક વેપાર, ઔદ્યોગિક કાચા માલની માંગ અને ઉત્પાદન ક્ષેત્રને અસર કરી શકે છે. ચીન વિશ્વનું મોટું ઉત્પાદન કેન્દ્ર હોવાથી તેની આર્થિક મંદીની અસર અન્ય દેશો સુધી પહોંચી શકે છે. ભારત માટે પાઠ એ છે કે રોકાણકારોને આકર્ષવા માટે માત્ર તેજીના આંકડા પૂરતા નથી. ઉત્પાદનક્ષમતા, રોજગારી, ઘરેલું માંગ અને કંપનીઓની નફાકારકતા મજબૂત હોવી જરૂરી છે. તો શું ડ્રેગનની તાકાત ખરેખર ઘટી રહી છે?

ચીનના શેરબજારમાં 20 ટકાનો ઘટાડો દેશના આર્થિક પતનનો અંતિમ પુરાવો નથી. ચીન પાસે વિશાળ ઔદ્યોગિક માળખું, અદ્યતન ટેક્નોલોજી અને વૈશ્વિક ઉત્પાદન ક્ષેત્રમાં મજબૂત સ્થાન છે. પરંતુ હાલનો ઘટાડો ત્રણ નબળાઈઓ તરફ ધ્યાન દોરે છે: એઆઈ ક્ષેત્રમાં ઊંચી અપેક્ષાઓ, ઘરેલું વપરાશની નબળાઈ અને સરકારી પ્રોત્સાહનોની અસર અંગેની અનિશ્ચિતતા.

ચીન સામેનો પડકાર માત્ર શેરબજારને ફરી ઊંચે લઈ જવાનો નથી. પડકાર એ છે કે ટેક્નોલોજીની પ્રગતિને વાસ્તવિક નફા, રોજગારી અને લોકોની વધતી ખરીદશક્તિમાં કેવી રીતે ફેરવવી. ડ્રેગનની સાચી આર્થિક તાકાત શેરના ભાવમાં નહીં, પરંતુ તેના નાગરિકોની ખરીદશક્તિ, ઉદ્યોગોની નફાકારકતા અને અર્થતંત્રની આંતરિક મજબૂતીમાં રહેલી છે. જો ચીન આ ક્ષેત્રોમાં સુધારો લાવે, તો શેરબજારનો હાલનો ઘટાડો કામચલાઉ સાબિત થઈ શકે છે.

પરંતુ જો અર્થતંત્ર માત્ર સરકારી ટેકા અને ટેક્નોલોજી અંગેની ઊંચી અપેક્ષાઓ પર આધાર રાખશે, તો લાંબા ગાળાની તેજી ટકાવી રાખવી મુશ્કેલ બની શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

**વિશ્વને પોતાની ઔદ્યોગિક અને ટેક્નોલોજીની તાકાતથી પ્રભાવિત કરનાર ચીનની અર્થવ્યવસ્થામાં એવી કઈ નબળાઈઓ છે, જે રોકાણકારોને ચિંતિત કરી રહી છે?**

## પહેલું પગલું તમારું... બાકીનું ઈશ્વરનું

એક ગાડાવાળો પોતાના બળદો હંકારીને ગામ તરફ જઈ રહ્યો હતો. ધૂળિયા રસ્તામાં વરસાદને કારણે બહુ કાદવકીચડ હતો અને અચાનક ગાડાનું પૈડું એક ઊંડા ખાડામાં ફસાઈ ગયું. બળદોએ જોર કર્યું, પણ ગાડું હલ્યું નહીં.ગાડાવાળાએ બળદોને સોટી પણ ફટકારી અને બળદોએ ઘણું જોર લગાવ્યું છતાં પૈડું બહાર આવ્યું નહિ.

ગાડાવાળો ગભરાયો અને તે ગાડા પરથી ઊતરીને નીચે બેસી ગયો. ભગવાનને હાથ જોડી અને આકાશ તરફ જોઈને પ્રાર્થના કરવા લાગ્યો, 'હે ભગવાન, આવો અને મારી મદદ કરો..'તે લાંબો સમય રડ્યો, કરગર્યો, પણ કંઈ થયું નહીં.

ઝાડ પાછળ સંતાયેલો ઇસપ આ જોઈ રહ્યો હતો. તે મદદ કરવા ન ગયો પણ જાણે આકાશવાણી થતી હોય તેવા ઘેરા અવાજમાં તે બોલ્યો ..... 'અરે મૂર્ખ, ઊભો થા! પહેલાં પૈંડા પાસે જા, ખાડાની માટી ખોદી કાઢ, પૈંડાની આસપાસના પથ્થરો હટાવ. માત્ર બળદ પર આધાર ન રાખ. પોતે પૈંડાને ધક્કો માર અને સાથે બળદોને હાંક. ત્યારે ભગવાન મદદે આવશે. જે પોતાના હાથ-પગ હલાવે છે, તેને જ દેવો સાથ આપે છે.'



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

જાણે આકાશમાંથી આકાશવાણી થતી હોય તેવો અવાજ સાંભળી ગાડાવાળો આંસુ લૂછી ઊભો થયો. તેણે પાવડો ઉપાડ્યો, માટી ખોદી, પથ્થરો હટાવ્યા. પછી પોતે પૈંડાને ધક્કો માર્યો અને બળદોને હાંક્યા અને આશ્ચર્ય, ગાડું સહેજ હલ્યું. પછી એક બીજા ધક્કે, ગાડું ખાડામાંથી બહાર નીકળી ગયું.

ગાડાવાળાએ ઉપર જોઈને નમન કર્યું. "આભાર, પ્રભુ."

ત્યારે ઝાડ પાછળ ઊભેલો ઇસપ બહાર આવ્યો. હસવા લાગ્યો. આકાશમાંથી આવેલી એ સલાહ હકીકતમાં ઇસપે તેને સાચી સમજ આપવા આપી હતી. તે કહ્યું અને ઇસપે તેને બધી વાત કરી અને સમજાવ્યું કે ગાડું તો તેં જાતે જ બહાર કાઢ્યું છે.ભગવાન એની જ મદદ કરે છે જે જાતે મહેનત કરે છે.

ઘણી વાર આપણે પણ પ્રાર્થનામાં, ફરિયાદમાં, સમય ગુમાવીએ છીએ અને ભૂલી જઈએ છીએ કે પૈંડાની માટી તો આપણે જ ખોદવાની છે.એટલે કે કોઇ પણ કામ ઈશ્વર ત્યારે જ પાર પાડે છે જ્યારે આપણે સાચા પ્રયત્નો કરીએ છીએ.

કોઇ પણ પ્રાર્થનાનું ફળ ત્યારે જ મળે છે જ્યારે સતત મહેનત અને પ્રયત્નનો સાથ ભળે.

પહેલું પગલું તમારું, બાકીનું ઈશ્વરનું.

# નાણાં ખર્ચ્યા વિના ખરીદીનો આનંદ મેળવવાનો 'અધિકૃત' ઉપાય

શોપિંગ એટલે કે ખરીદી ઘણા માટે જરૂરિયાત, ઘણા માટે શોખ, તો ઘણા માટે વળગણ બની રહ્યું છે. છેલ્લાં થોડાં વર્ષોમાં ઑનલાઈન ખરીદીની સુવિધા અને ઘણી જગ્યાએ મંગાવેલી વસ્તુ સરળતાથી પાછી મોકલવાની વ્યવસ્થાને કારણે વળગણથીય આગળ, ઘણા લોકો માટે આ બાબત એક નવી રમત બની રહી છે. હવે તેમાં એક નવો ફણગો ફૂટ્યો છે. તે એવો કે વેબસાઈટ ખોલો, મનગમતી વસ્તુ પસંદ કરો, તેને કાર્ટમાં મૂકો, ક્યારેક તો ચેકઆઉટ સુધી પણ જાઓ, પણ એ પછી ન પૈસા ચૂકવવાના કે ન એ વસ્તુ તમને પહોંચાડવામાં આવે.

ખરીદી કરનારને પહેલેથી જ જાણ હોય કે આ સાઈટ પરની વસ્તુઓ નકલી છે. તેને શોધવાની, પસંદ કરવાની અને મેળવવાની અપેક્ષા અહીં મુખ્ય આકર્ષણ છે. આ વાત પહેલી નજરે વિચિત્ર જણાય.

આવી અનેક વેબસાઈટ ખૂલી છે. કોઈકમાં ઑનલાઈન ભોજનનો ઓર્ડર કરવાનો છે, કોઈકમાં મનપસંદ પ્રવાસન સ્થળોની પસંદગી અને ત્યાં જવાનો કાર્યક્રમ બનાવવાનો છે, તો કોઈકમાં કશીક ખરીદી કરવાની છે. અમુક વેબસાઈટમાં એવી સુવિધા પણ છે કે ડિલિવરી કરનારને ગ્રાહકનું ઘર નથી મળી રહ્યું એવો ફોન આવે. અલબત્ત, આ બધું એ રમતનો જ હિસ્સો છે. આવી સાઈટ્સને 'ડોપામાઈન શોપિંગ સાઈટ્સ' કહેવામાં આવે છે. આપણે જાણીએ છીએ એમ, ડોપામાઈન મગજમાં કામ કરતું એક રાસાયણિક સંદેશાવાહક છે. તે ઈનામની અપેક્ષા, પ્રેરણા અને કંઈક મેળવવાની ઈચ્છા સાથે જોડાયેલી લાગણી સાથે સંકળાયેલું છે. નવી વસ્તુ જોવી, તેને મેળવવાની કલ્પના કરવી અને ખરીદી તરફ આગળ વધવું એ બધું કરનારને ઉત્તેજિત કરી શકે છે. આથી તે આવી અનૌપચારિક ઓળખથી ઓળખાય છે. કોઈ પણ વસ્તુ ખરીદીએ, ખાસ કરીને ઑનલાઈન, ત્યારે તેને શોધવાની, તેની કિંમતની સરખામણી કરવાની અને કાર્ટમાં મૂકવાની સમગ્ર પ્રક્રિયા ઘણાને આનંદ આપે છે. ઑનલાઈન શોપિંગમાં થોડીક જ ક્લિકમાં સેંકડો વસ્તુઓ નજર સામે આવી જાય છે. 'માત્ર 2 બાકી', 'આજે જ ઑફર', 'તમારા માટે ખાસ પસંદગી' જેવી સૂચનાઓ ખરીદી પહેલાં જ એક પ્રકારની ઉત્સુકતા ઊભી કરે છે. ભલે એ આભાસી હોય! એવુંય બને કે મંગાવેલી વસ્તુ મળી ગયા પછી એ ઉત્તેજના ઓછી થઈ જાય અને ફરી નવી વસ્તુ શોધવાની પ્રક્રિયા શરૂ થાય. સાદી ભાષામાં કહીએ તો આનંદ પરિણામનો નહીં, પણ પ્રક્રિયાનો હોય છે. નકલી શોપિંગ સાઈટો જાણે કે આ જ પ્રક્રિયાને અલગ કરી આપે છે. અહીં ખરીદીનું પરિણામ જરૂરી નથી. ખરીદીની પ્રક્રિયા જ પૂરતી છે. ઘણા લોકો વસ્તુઓ કાર્ટમાં મૂકતા કે કાઢતા રહે છે અને પછી ખરીદતા નથી. ક્યારેક તેમને સમજાય છે કે પોતાને એ વસ્તુની ખરેખર જરૂર નથી. એટલે કાર્ટ એક પ્રકારનું માનસિક વિરામસ્થાન પણ બની શકે છે–ઈચ્છા અને નિર્ણય વચ્ચેનું સ્થાન.

ડિજિટલ બજાર આ અંતરને શક્ય તેટલું નાનું કરવા માગે છે. સામાજિક નેટવર્કિંગનાં માધ્યમો પર નવી વસ્તુઓ સતત દેખાય છે. જાહેરાતો આપણી અગાઉની શોધખોળને યાદ રાખે છે. ઈ-કૉમર્સ સાઈટો આપણે પહેલાં શું જોયું, શું પસંદ કર્યું અને શું ખરીદ્યું તેના આધારે નવી વસ્તુઓ સૂચવે છે. હવે એ.આઈ. આ પ્રક્રિયાને વધુ વ્યક્તિગત અને અંગત બનાવે છે. પરિણામે, આપણે શું ખરીદવું જોઈએ એ નક્કી કરતા પહેલાં જ આપણને શું ગમવું જોઈએ તેની આસપાસનું ડિજિટલ વાતાવરણ તૈયાર થઈ શકે છે. એટલે એ સવાલ પણ થાય કે આપણી ઈચ્છાઓ ખરેખર કેટલી પોતાની છે? જાહેરાતો આપણને સંપૂર્ણપણે નિયંત્રિત કરે છે કે દોરે છે, એમ સંપૂર્ણપણે કહેવું અઘરું છે. અંતિમ નિર્ણય હજુ પણ આપણો હોઈ શકે છે. આ વિચાર દક્ષિણ કોરિયાથી શરૂ થયેલા 'ડોપામાઈન સાઈટ્સ'ના ટ્રેન્ડમાંથી ઉદ્ભવ્યો. ભારતમાં ઉદયપુરના 26 વર્ષના સોફ્ટવેર ડેવલપર્સ પૂર્વાંશ પરમાર અને અંશુલ શર્માએ ભોજનને લગતી એક સાઈટ બનાવી, જેની પાછળ તેમનો પોતાનો અનુભવ કારણભૂત હતો. અંશુલ શર્માને પોતે ઑનલાઈન વસ્તુઓ બ્રાઉઝ કરીને કાર્ટમાં નાખવાની, પણ ખરીદી ન કરવાની ટેવ હતી. એ અનુભવ પરથી બંનેએ એવી સાઈટ બનાવી, જ્યાં ખાવાનું પસંદ કરી શકાય, કાર્ટ ભરી શકાય અને ડિલિવરી ટ્રૅક પણ કરી શકાય–પણ ખરેખર ન પૈસા ચૂકવવાના હોય કે ન ખાવાનું મળવાનું હોય. તેમની બીજી સાઈટમાં તમે પ્રવાસનું સ્થળ પસંદ કરી શકો, ફ્લાઈટ, સીટ, હોટેલ અને પ્રવાસનો કાર્યક્રમ ગોઠવી શકો અને વર્ચ્યુઅલ ફ્લાઈટમાં બેસી પણ શકો. આ સાઈટને અત્યાર સુધી એક લાખથી વધુ મુલાકાતીઓ મળ્યા હોવાનો સ્થાપકોનો દાવો છે.

આમ, વાસ્તવિક બજાર આપણને કહે છે, 'ખરીદો.' નકલી બજાર કહે છે, 'ખરીદ્યા વગર ખરીદીનો આનંદ લો.' ડિજિટલ બજારનો વ્યાપ હવે માત્ર વસ્તુ વેચવાનો નથી. આપણે બજારમાં વસ્તુઓ શોધીએ છીએ, એમ બજાર પણ આપણી અંદર નવી ઈચ્છાઓ શોધી રહ્યું છે. કદાચ આવનારા સમયમાં આપણે વસ્તુઓ નહીં, પણ તેને મેળવવાની લાગણી જ 'ખરીદતા' થઈ જઈશું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

**ભલે એ આભાસી હોય! એવુંય બને કે મંગાવેલી વસ્તુ મળી ગયા પછી એ ઉત્તેજના ઓછી થઈ જાય અને ફરી નવી વસ્તુ શોધવાની પ્રક્રિયા શરૂ થાય**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## 'પેઢીનામું': સામાન્ય નાગરિકની સુવિધા કે હાલાકી?

સરકાર દ્વારા નાગરિકોની ઓળખ અને હકની સુરક્ષા માટે નિયમો બનાવવામાં આવે છે, જેથી સાચા વ્યક્તિને સમયસર ન્યાય મળે અને કોઈ ખોટો લાભ ન ઉઠાવે. બેન્કિંગ સેવાઓનો હેતુ પણ સામાન્ય લોકોને શાહુકારો અને વ્યાજખોરોના શોષણથી બચાવવાનો છે. વર્ષો જૂના બેન્ક ખાતામાં ઢળતી ઉંમરે સહીમાં થોડો તફાવત આવે તો બેન્કોએ જડ વલણ અપનાવવાને બદલે યોગ્ય તપાસ સાથે માનવીય અભિગમ રાખવો જોઈએ.

આવી જ જટિલતા પેઢીનામું મેળવવાની પ્રક્રિયામાં જોવા મળે છે. કુટુંબના વડીલના અવસાન બાદ તેમના કાયદેસરના વારસદારોનાં નામ દાખલ કરવા તલાટીના સહી-સિક્કાવાળું પેઢીનામું રજૂ કરવું પડે છે. સામાન્ય રીતે તમામ વારસદારોની વિગતો સાથે સોગંદનામું કે સ્વઘોષણાપત્ર રજૂ કરવામાં આવે છે. જો વારસદાર છુપાવવામાં આવે અથવા ખોટી માહિતી આપવામાં આવે તો તેની જવાબદારી સંબંધિત વ્યક્તિની હોવી જોઈએ. સરકારે આ પ્રક્રિયા સરળ બનાવવા નિયમોમાં સુધારો કરવો જોઈએ. નોટરી સમક્ષ કરેલું સ્વઘોષણાપત્ર સ્વીકારવાની વ્યવસ્થા સાથે ખોટી માહિતી આપનાર સામે કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. પેઢીનામું રજૂ કરવાની સમયમર્યાદા નક્કી ન કરવી જોઈએ અને ઓનલાઇન અપલોડ કરેલા દસ્તાવેજો ફરીથી મેન્યુઅલી માગવાની પ્રથા બંધ થવી જોઈએ. સરકારી સેવાઓ સામાન્ય, ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પરવડે તેવી, સરળ અને પારદર્શક હોવી જોઈએ.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## રસ્તાઓની દયનીય હાલત

મારા મતે, સુરતના ૭૦થી ૮૦ ટકા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. મેટ્રોનું કામ ચાલતું હોવાના બહાને વહીવટી તંત્ર રસ્તાઓની ખરાબ સ્થિતિની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરે છે. જ્યાં મેટ્રોનું કામ પૂર્ણ થઈ ગયું છે, ત્યાં પણ અનેક સ્થળોએ નવા રસ્તા બનાવવામાં આવ્યા નથી. ખાડાવાળા રસ્તાઓ પર વાહન ચલાવવાથી વાહનોને નુકસાન થાય છે, તેમનું આયુષ્ય ઘટે છે અને અકસ્માતનો ભય રહે છે. એક તરફ નાગરિકો નાનો ટ્રાફિક નિયમ તોડે તો કેમેરામાં કેદ કરીને ઈ-મેમો મોકલવામાં આવે છે અને મોટો દંડ વસૂલાય છે. સમયસર દંડ ન ભરાય તો લાઈસન્સ રદ કરવાની ચેતવણી પણ અપાય છે. તો પછી બિસ્માર રસ્તાઓ માટે જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે આવી જ કડક કાર્યવાહી કેમ નહીં?

નાગરિકોની ભૂલ સામે તાત્કાલિક પગલાં લેતું તંત્ર પોતાની જવાબદારી પ્રત્યે પણ એટલું જ ગંભીર હોવું જોઈએ. સંબંધિત અધિકારીઓ શહેરના તમામ વિસ્તારોમાં ફરીને રસ્તાઓનું નિરીક્ષણ કરે અને નાગરિકોની મુશ્કેલીઓ સમજે. મેટ્રોનું કામ પૂર્ણ થયેલા વિસ્તારોમાં તાત્કાલિક રસ્તાનું સમારકામ કરવામાં આવે અને જરૂર હોય ત્યાં નવા રસ્તા બનાવવામાં આવે. સુરતના નાગરિકોને સલામત અને સુવિધાયુક્ત રસ્તા આપવાની જવાબદારી તંત્રની છે. હવે માત્ર આશ્વાસનો નહીં, પરંતુ રસ્તાઓની સ્થિતિમાં નક્કર સુધારો અને બેદરકારી દાખવનાર સામે કડક કાર્યવાહી જરૂરી છે.

**સુરત - કેતન બી. ભટ્ટપાલ**

## શાળા પ્રવેશ નિયંત્રણ પરિપત્ર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે સરકારી અને અનુદાનિત શાળાઓમાં બિનઅધિકૃત પ્રવેશ રોકવા પરિપત્ર જાહેર કર્યો છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોની સુરક્ષા, ગોપનીયતા તથા શૈક્ષણિક વાતાવરણ જાળવવાની દૃષ્ટિએ આ નિર્ણય મહત્ત્વનો છે. નિયમ મુજબ, શાળામાં પ્રવેશ માટે આચાર્યની લેખિત મંજૂરી અને વિઝિટર રજિસ્ટરમાં નોંધ જરૂરી છે. પરવાનગી વિના ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી કે ઈન્ટરવ્યૂ લેવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે. જોકે, આ નિયમોના અમલમાં કેટલીક વ્યવહારિક મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. અનેક શાળાઓમાં શિક્ષકો, ક્લાર્ક અને સેવકની અછત છે. શાળાના કાર્યક્રમો અને રાષ્ટ્રીય પર્વોની ઉજવણી દરમિયાન દરેક મુલાકાતીની મંજૂરી તથા નોંધણીની પ્રક્રિયા મુશ્કેલ બની શકે છે. આગ, તબીબી કટોકટી કે અન્ય અકસ્માત સમયે લેખિત મંજૂરીની પ્રક્રિયાથી રાહતદળના પ્રવેશમાં વિલંબ થાય તો ગંભીર પરિણામો આવી શકે છે. બીજી તરફ, વાલીઓ અને નાગરિકોના પ્રવેશ પર અતિશય નિયંત્રણોથી શાળાની સમસ્યાઓ, માળખાકીય સુવિધાઓની ખામીઓ તથા સુધારાની જરૂરિયાતો બહાર આવતી અટકી શકે છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અનિવાર્ય છે, પરંતુ પારદર્શિતા પણ એટલી જ જરૂરી છે. તેથી શિક્ષણ વિભાગે સુરક્ષા અને જાહેર સહભાગિતા વચ્ચે સંતુલન જળવાય તે રીતે નિયમોમાં વ્યવહારુ છૂટછાટ અને સ્પષ્ટ માર્ગદર્શિકા આપવી જોઈએ.

**સુરત - મિતેશ પારેખ**

## સહાનુભૂતિ કે કરુણા: શ્રેષ્ઠ શું?

માનવીને સંવેદનશીલ બનાવતી બે મહત્ત્વની ભાવનાઓ છે સહાનુભૂતિ અને કરુણા. સહાનુભૂતિ એટલે બીજાની પીડાને સમજવી, જ્યારે કરુણા એટલે એ પીડા ઓછી કરવા માટે પ્રયત્ન કરવો. કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં હોય ત્યારે તેની વાત શાંતિથી સાંભળવી, તેની લાગણીઓને સમજવી અને તેની પરિસ્થિતિનો અનુભવ કરવાનો પ્રયાસ કરવો એ સહાનુભૂતિ છે. ઘણી વાર દુઃખી વ્યક્તિને સલાહ કરતાં વધુ જરૂર કોઈ તેને સમજે તેની હોય છે. સહાનુભૂતિ તેને એકલતામાંથી બહાર આવવાની હિંમત આપે છે. બીજી તરફ, કરુણા લાગણીને કર્મમાં પરિવર્તિત કરે છે. રસ્તા પર ભૂખ્યા વ્યક્તિને જોઈને દુઃખ અનુભવવું સહાનુભૂતિ છે, જ્યારે તેને ભોજન પૂરું પાડવું કરુણા છે. આજના સમયમાં સોશિયલ મીડિયા પર દુઃખદ ઘટનાઓ જોઈને આપણે સંવેદના વ્યક્ત કરીએ છીએ, પરંતુ આસપાસના જરૂરિયાતમંદોને મદદ કરવામાં ઘણી વાર અચકાઈએ છીએ. સમાજમાં પરિવર્તન માટે માત્ર લાગણી નહીં, પરંતુ કાર્ય પણ જરૂરી છે. મારા મતે, સહાનુભૂતિ અને કરુણામાંથી કોઈ એકને શ્રેષ્ઠ ગણવા કરતાં બંનેનો સમન્વય વધુ મહત્ત્વનો છે. સહાનુભૂતિ આપણને બીજાના દુઃખની નજીક લઈ જાય છે, જ્યારે કરુણા એ દુઃખ હળવું કરવા પ્રેરે છે. માનવતાની સાચી ઓળખ બીજાનાં આંસુ જોઈને દુઃખી થવામાં નહીં, પરંતુ શક્ય હોય ત્યાં તેમને લૂછવાના પ્રયત્નમાં છે.

**વાંસકુઈ - કેયુર માહ્યાવંશી**

## શિક્ષણ નીતિમાં પરિવર્તન કેવી રીતે આવશે?

લોકશાહીમાં શિક્ષણનું મહત્ત્વ અને તેની પારદર્શિતા જળવાય તે જરૂરી છે. શાળાઓની અચાનક મુલાકાત પર પ્રતિબંધ મૂકવાથી શિક્ષણવ્યવસ્થાની ખામીઓ સામે લાવવાની પ્રક્રિયા નબળી પડવાની આશંકા ઊભી થાય છે. ગુજરાતમાં 'બેટી બચાવો, બેટી પઢાવો'ના નારા સાથે પ્રવેશોત્સવ શરૂ થયો હતો. બીજી તરફ, દિલ્હીની સરકારી શાળાઓમાં થયેલા પ્રયોગોને કારણે દેશભરમાં શિક્ષણની ગુણવત્તા અંગે ચર્ચા થઈ. ગુજરાતમાં પણ સ્માર્ટ શાળાઓનાં લોકાર્પણ થયાં, પરંતુ સવાલ એ છે કે શાળાઓની વાસ્તવિક સ્થિતિ જાણવા અને સુધારવા માટે પૂરતી પારદર્શિતા છે ખરી? શાળાઓમાં પ્રવેશ અંગે નિયંત્રણો મૂકતા પહેલાં સરકારે વિચારવું જોઈએ કે તેની અસર વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષણની ગુણવત્તા પર કેવી પડશે. શિક્ષણક્ષેત્રે સુધારા લાવવા માટે પ્રતિબંધો કરતાં જવાબદારી અને પારદર્શિતા વધુ મહત્ત્વનાં છે. સરકારનો હેતુ બાળકોનું સુરક્ષિત ભવિષ્ય ઘડવાનો હોવો જોઈએ, નહીં કે પ્રશ્નો પૂછતા લોકો માટે અવરોધો ઊભા કરવાનો. જો શિક્ષણની વાસ્તવિક સ્થિતિ સામે લાવવાની જ તક મર્યાદિત થાય, તો નવી શિક્ષણ નીતિમાં પરિવર્તન કેવી રીતે આવશે?

**સુરત - હરીશકુમાર ચૌધરી**